રાજસ્તંભ સોસાયટીના રોડ અને એસઆરપી સીમાનો વિવાદ વકર્યો

# 43 વર્ષ જૂની રાજસ્તંભ સોસાયટીના માર્ગ 2 માસથી પતરાંની આડસથી બંધ

**રેઢિયાળ** તંત્રથી ત્રાહીમામ પોકારી ઊઠેલા સ્થાનિકોએ કલેકટરને આવેદનપત્ર આપ્યું

**સોસાયટીમાં** આવવા જવા માટે નાગરિકોને લાંબુ અંતર કાપીને મુખ્ય માર્ગ ઉપર આવવું પડે છે

(પ્રતિનિધી) વડોદરા, તા.14
ગાયકવાડની નગરી વડોદરા શહેરની વચ્ચે લાલબાગ બ્રીજ નજીક કાશિવિશ્વનાથ મહાદેવ મંદિર પાસે આવેલી રાજસ્તંભ સોસાયટી સહિત એસઆરપી વિસ્તારની આસપાસ રહેણાંક સોસાયટીઓ છે, જેની અવર જવર માટે બે માર્ગ છે. તેમાંથી એસઆરપી તરફનો માર્ગ કોઈ અગમ્ય કારણોસર પતરાંની આડશ મારીને બે માસથી બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે રાજસ્તંભ સોસાયટીમા આવવા જવા માટે લાંબુ અંતર કાપીને મુખ્ય માર્ગ ઉપર આવવું પડે છે તે બાબતે સ્થાનિક તંત્રને અનેક વાર જણાવવા છતાં કોઈ સંતોષ કારક પરિણામ ના આવ્યું. ત્રાહીમામ પોકારી ગયેલા સ્થાનિક લોકોએ આખરે કલેક્ટરને આવેદન પત્ર આપ્યું છે. તેમાં જણાવ્યા મુજબ ધાર્મીક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે અનેક મહાનુભાવો અવાર-નવાર રાજસ્થંભ સોસાયટીમાં આવે છે, સોસાયટીની પ્રતિષ્ઠા અને પ્રસિધ્ધી માટે સ્થાનીક નગરપાલીકાની મહેરબાની છે જેની નબળી અને નિષ્ફળ કામગીરી જવાબદાર છે ચોમાસામાં ઘરમાં પાણી આવી જાય અને વર્ષ દરમ્યાન શુધ્ધ પાણી માટે પણ વલખા મારવા પડે છે.

આ સમસ્યાઓ વચ્ચે હવે એક નવી સમસ્યાનો જન્મ થયો છે. તે રાજસ્થંભ સોસાયટીના લોકો માટે એસ.આર.પી રોડ ઉપર પ્રવેશ પ્રતિબંધ કેમ લગાવી દેવાયો છે? સોસાયટી માં બે માર્ગથી પ્રવેશ કરી શકાય છે. કાશીવિશ્વનાથ મંદિર એસ.આર.પી ગૃપ રોડથી અને બીજો માર્ગ ૨ કીમી દૂર પોલોગ્રાઉન્ડ પાસે થી છે.બે માસ પહેલા એસ.આર. પી. ગ્રુપના મુખ્ય અધિકારીએ રાજસ્થંભ સોસાયટી નો એસ.આર. પી. ગૃપના ભાગે હવે પ્રવેશ પ્રતિબંધ ઉભો કર્યો છે.

સોસાયટી ના બે ગેટ ઉપર એટલી ખરાબ રીતે પ્રવેશ બંધ કર્યો છે કે ચાલતો માણસ કે કૂતરો પશુ પણ પ્રવેશી શકે નહી આમ થવાથી સ્થાનિક લોકો નારાજ છે આ રસ્તો ખુલે એવી લોક માંગ ઉઠી છે. આવુ કેમ કર્યુ ? જાતે નિર્ણય લીધો ? ગાંધીનગરથી સૂચના હતી ? દિલ્લીથી સૂચના હતી ? કોરોના સંકટનો સંકેત છે ? સુરક્ષા નું કોઈ કારણ ? સોસાયટી તરફે નારાજગી ? અન્ય કોઈ કારણ હોય ? હજુ આ બાબતે કોઈ જ સાચુ કારણ જાણી શકાયુ નથી.

સ્થાનિક કાઉન્સીલરો અને ધારાસભ્ય દ્વારા ભલામણ માટે વાતચીત ચાલુ છે પણ હજુ કંઈ નક્કર પરિણામ આવ્યું નથી. એસ.આર.પી ગૃપના આ રોડ ઉપર દર ૨૦૦-૩૦૦ મીટર ના અંતરે એક પોસ્ટ પર ૨૪ કલાક બંધુકધારી જવાન હાજર હોય છે. જે કોઈ પણ પરિસ્થિતિ કે જોખમને પહોંચી વળવા માટે સક્ષમ છે.

એસ.આર.પી.તરફનો માર્ગ સરકારી માલીકી માં છે કે નહી એ પણ તપાસનો વિષય છે, રોડ બંધ કરવા બાબતે કોર્ટનો ઓર્ડર કોઈ છે? હશે તો હવે આ નિર્ણયને કોર્ટમાં પડકારવો પડશે. તેવી સ્પષ્ટ ચીમકી આપી હતી.

## રોજગાર કચેરી દ્વારા સંરક્ષણ ભરતી પૂર્વેની પરીક્ષાલક્ષી નિ:શુલ્ક નિવાસી તાલીમ

(પ્રતિનિધી) વડોદરા,તા.14
વડોદરા જીલ્લામા કુલ 90 પુરૂષ ઉમેદવારને સંરક્ષણ ભરતી પૂર્વેની 30 દિવસની પરીક્ષાલક્ષી નિ:શુલ્ક નિવાસી તાલીમ આપવામા આવશે. ધો.10 -12 પાસ , આઈટીઆઈ, ડીપ્લોમા,ગ્રેજ્યુએટ ધરાવતા અને 17.5 થી 24 વર્ષની ઉંમર ધરાવતા અપરણીત પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે.શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હેળની રોજગાર અને તાલીમ નિયામક ગાંધીનગર હસ્તકની મદદનીશ નિયામક રોજગારની કચેરી ,વડોદરા દ્વારા દર વર્ષે સંરક્ષણ ક્ષેત્રેની યોજાતી આર્મી,નેવી, એરફોર્સ, અગ્નીવીર,પોલીસ ,ફોરેસ્ટ તથા સીકયુરીટી ગાર્ડની ભરતીમા ઉમેદવારો લૈખીત અને ફીઝકલ પરીક્ષામા સારો દેખાવ કરે તે આશયથી 90 ઉમેદવારોને તાલીમ આપે છે. જેમા 30 અનુસુચિત જાતીના ઉમેદવારોને તાલીમ આપવાની હોય છે. આ નિવાસી તાલીમમા જોડાવા માંગતા અપરણીત પુરુષ ઉમેદવારોને તા.20 જુલાઈ સુધીમાં મદદનીશ નિયામક રોજગાર કચેરી,તરસાલી વડોદરા ખાતે અરજી કરવી.

ચૈતર વસાવાને હાલમાં વડોદરાની મધ્યસ્થ જેલમાં રહેવું પડશે

# ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાના જામીન નામંજૂર કરાયા



**ગત** તા.05-07-2025 ના રોજ ધારાસભ્યની ધરપકડ કરાઇ હતી

### મહત્વની કાયદાકીય વાતોની અવગણના થઈ

જામીન અરજીના ચુકાદાને વાંચતા જણાઈ આવે છે કે કોર્ટે ચૈતર વસાવાની જામીન અરજી નામંજૂર કરતા ચોક્કસ મુદ્દાઓને મુખ્યતઃ આધારો બનાવ્યા છે, પણ સાથે જ અમુક મહત્વની કાયદાકીય વાતોની અવગણના થઈ છે, અને તેઓ વિરોધ પક્ષના ધારાસભ્ય હોય રાજકીય અદાવતે ફરિયાદ થઈ હોય તેવું અવલોકન ધ્યાને લીધેલ નથી વિગેરે બાબતોના આધારે હવે આ જામીન અરજી હાઇકોર્ટમાં ચેલેન્જ કરીશું.
-એડવોકેટ શીતલ ઉપાધ્યાય, વડોદરા

(પ્રતિનિધી) વડોદરા તા.14
ડેડિયાપાડા પ્રાંત કચેરી ખાતે આમ આદમી પાર્ટીમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય ચૈતર વસાવાએ પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલી મિટિંગમાં તાલુકા પંચાયત પ્રમુખ સાથે ઉગ્ર બોલાચાલી બાદ લાફાવાળી થઈ હતી, ચૈતર વસાવાએ સાગબારાના તાલુકા પંચાયત પ્રમુખ સ્ત્રી હોવા છતાં અભદ્ર શબ્દો બોલી અપમાનિત કર્યા હતા તેમજ તાલુકા પ્રમુખ સંજય વસાવાને મોબાઈલનો છૂટ્ટો ઘા કરી મજબૂત વજનદાર કાચનો ગ્લાસ પ્રાંત અધિકારીને માથામાં મારવાના ઈરાદે છૂટો ઘા કરતા પોલીસ કર્મીએ હાથ આડો કરી દેતા કાચ નીચે પડી તૂટી ગયો હતો આ કેસમાં ધારાસભ્ય ચૈતર વસાવાની તા.05- 07-2025 ના રોજ ધરપકડ કરાઈ હતી અને તા.06-07-2025 ના રોજ પાંચ દિવસના પોલીસ રિમાન્ડ માંગ્યા હતા જે નામંજૂર કરાયા હતા ત્યારથી ચૈતર વસાવા જ્યૂડિશિયલ કસ્ટડીમાં છે તેઓ તરફે એડવોકેટ આર.યુ.વ્હોરા દ્વારા તા.08-07-2025 ના રોજ નર્મદા જિલ્લાના એડિશનલ સેશન્સ જજ ની અદાલતમાં જામીન અરજી રજૂ કરાઈ હતી જેની સામે સરકાર તરફે એડવોકેટ જે.જે. ગોહિલ દ્વારા રજૂઆત અને ધારદાર દલીલો કરાતાં એડિશનલ સેશન્સ જજ ની કોર્ટ ચૈતર વસાવાના જામીન તા.14-07-2025 ના રોજ નામંજૂર કરતો હૂકમ કર્યો હતો. હવે ચૈતર વસાવાને વડોદરાની મધ્યસ્થ જેલમાં હાલ રહેવું પડશે. હવે તેમણે જામીન માટે ગુજરાત હાઈકોર્ટમાં જવું પડશે.લાફા કાંડ સંબધે નીચલી કોર્ટ બાદ સેશન્સ કોર્ટે પણ જામીન નામંજૂર કરતાં હવે બીજી વાર ચૈતર વસાવાને લાબો જેલવાસ ભોગવવો પડશે. સરકાર તરફે એડવોકેટ જે.જે.ગોહિલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

એસટી બસ સ્ટોપ પોઈન્ટ પર ખાનગી વાહન ચાલકો બેરોકટોક દોડે છે

# સોમા તળાવ પાસે ગેરકાયદે ખાનગી વાહનોનો અડિંગો, ટ્રાફિકની સમસ્યા

**ટ્રાફિક** પોલીસ, આરટીઓ અને પાલિકા તંત્રની બેદરકારીથી ટ્રાફિક જામ, અકસ્માત, દબાણ વધ્યા



(પ્રતિનિધી) વડોદરા, તા.14
શહેરના છેવાડે આવેલા સોમા તળાવ પાસેના એસટી બસ સ્ટોપ પોઈન્ટ પર ગેરકાયદે ખાનગી વાહનોનો અડિંગો સતત વધી રહ્યો છે. અહીં ડભોઇ, છોટાઉદેપુર અને પંચમહાલ સહિતના વિસ્તારોમાં મુસાફરોને લઈ જવા માટે ખાનગી વાહન ચાલકો બેરોકટોક દોડતા જોવા મળે છે. ટ્રાફિક પોલીસ, આરટીઓ અને પાલિકા તંત્રની બેદરકારીને કારણે આ વિસ્તારમાં ગેરકાયદે ટેક્સી સ્ટેન્ડ, લારીઓ, ગલ્લા અને પથ્થરાના દબાણ વધતા ગયા છે, જેના કારણે આજુબાજુના રહેવાસીઓ અને વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. દિવસે-રાતે અહીં ટ્રાફિક જામ, અવ્યવસ્થા અને અકસ્માતની ઘટનાઓ વધી રહી છે. અનેકવાર સ્થાનિકો અને વેપારીઓ દ્વારા તંત્રને ફરિયાદ કરવામાં આવી છે, છતાં માત્ર બે-ચાર વાહન ચાલકોને મેમો આપી પોલીસ પોતાની ફરજ પૂરી કરે છે.આ વિસ્તારમાં ગેરકાયદે ટેક્સી સ્ટેન્ડ અને ખાનગી વાહનોના અડિંગાને કારણે ટ્રાફિક સમસ્યા ગંભીર બની છે. અનેક વાહન ચાલકો પાસિંગ વગર વાહન ચલાવે છે અને મુસાફરો પાસેથી મનમાની રીતે ભાડું વસૂલ કરે છે. સ્થાનિકો અને વેપારીઓ તંત્રની બેદરકારી સામે રોષ વ્યક્ત કરી રહ્યા છે અને તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

વધારે પડતો દારૂ પીતા લોકો માટે ચેતવણીરૂપ કિસ્સો

# કામદારે વધુ પડતા આલ્કોહોલનું સેવન કરી લેતા મોત નિપજ્યું




(પ્રતિનિધી) વડોદરા તા.14
આલ્કોહોલનું સેવન જીવને જોખમ ઉભું કરી શકે છે.પોલીસ દ્વારા પણ નશામુક્ત અભિયાન અંતર્ગત જનજાગૃતિ સહિતના કાર્યક્રમો યોજવામાં આવે છે.પરંતુ તેમ છતાં કેટલા લોકો નશામાં ચૂર બની જીવન બરબાદ કરતા હોય છે.ત્યારે એક કામદારે જીવ ગુમાવવો પડ્યો હતો.

મળતી માહિતી મુજબ જંબુસરમાં આવેલી ક્રિષ્ના સીરામીક કંપનીમાં સંદીપભાઈ ભારતીય વધારે આલ્કોહોલનું સેવન કરતાં પડી ગયા હતા. જેમને પ્રાથમિક સારવાર માટે જંબુસરના સીએચસી સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી વધુ સારવાર માટે તેમને વડોદરા ની એસએસજી હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેઓનું મધરાત્રીએ મૃત્યુ થયું હતું.

બનાવ અંગે પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હરણી પોલીસે અયોધ્યાનગર સોસાયટીના કોમલ પ્લોટમાં રેડ કરી

# ન્યુ VIP રોડ પરથી જુગાર રમતા 4 ઝડપાયાં, 54 હજારનો મુદ્દામાલ જપ્ત

**પોલીસે** અંગજડતી કરતા મળેલી તથા દાવ પરની રોકડ રકમ 3 મોબાઇલ તેમજ એક્ટિવા કબજે કરી



(પ્રતિનિધી) વડોદરા તા.14
ન્યુ વીઆઈપી રોડ પર આવેલા સોસાયટીના કોમન પ્લોટમાં ચાલી રહેલા જુગાર પર હરણી પોલીસે રેડ કરી હતી. જેમા સ્થળ પરથી 4 જેટલા ખેલી ઝડપાઈ ગયા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, ત્રણ મોબાઈલ અને મોપેડ મળી રૂ. 54 હજારનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના ન્યુ વીઆઈપી રોડ પર હરણી પોલીસની ટીમ 13 જુલાઈના રોજ પેટ્રોલિંગમાં ફરી રહી હતી. તે દરમિયાન પોલીસ કર્મચારીઓ મોતી ભાઈ સર્કલ પાસે પહોંચ્યા હતા. ત્યારે કંટ્રોલ તરફથી વરધી મળી હતી કે કારેલીબાગ બ્રાઈટ સ્કૂલની પાછળ આવેલી અયોધ્યાનગર સોસાયટીના કોમલ પ્લોટમાં છથી સાત જેટલા યુવકો ભેગા મળીને જુગાર રમી રહ્યા છે. જેના આધારે હરણી પોલીસે બાતમી મુજબના સ્થળ પર રેડ કરી હતી. જેના પગલે જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જેમાં સ્થળ પરથી ચાર જેટલા ખેલી જયેશ શૈલેષ રાઠોડ, મહેદ્ર કનુ રાજ, મનિષ સતિષ પટેલ અને નરેન્દ્ર શૈલેષ રાઠોડ (તમામ રહે.અયોધ્યાનગર ન્યુ વીઆઈપી રોડ એલ એન્ડ ટી સર્કલ પાસે વડોદરા ) ઝડપાઈ ગયા હતા. પોલીસ દ્વારા જુગારની અંગજડતી કરતા મળેલી તથા દાવ પરની રોકડ મળી રૂપિયા 15 હજાર અને 3 મોબાઈલ રૂ. 9 હજાર તેમજ એક્ટિવા રૂ.30 હજાર સહિત રૂ. 54 હજારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાત્રે 8 વાગ્યા સુધીમાં 4મીમી વરસાદ સાથે મહત્તમ તાપમાન 32.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું

# આજવા સરોવરની જળસપાટી રાત્રે 8 વાગ્યા સુધીમાં 211.33 ફૂટ નોંધાઈ

**હવામાન** વિભાગ દ્વારા તા.16 જૂલાઇ સુધી દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.14
વડોદરા શહેરમાં રાત્રે આઠ વાગ્યા સુધીમાં 4મીમી જેટલો વરસાદ નોંધાયો હતો સાથે જ મહત્તમ તાપમાન 32.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હાલમાં ઉપરવાસમાં ભારે વરસાદને કારણે શહેરને પીવાનું પાણી પૂરું પાડતા આજવા ડેમની જળસ્તરમા વધારો થયો હતો અને રાત્રે આઠ વાગ્યા સુધીમાં આજવા સરોવરની જળસપાટી 211.33 ફૂટ નોંધાતા પ્રશાસન હરકતમાં આવ્યું છે. રાજ્યમાં ફરી એકવાર વરસાદનો રાઉન્ડ શરૂ થયો છે. બંગાળની ખાડી પર સર્જાયેલા લો પ્રેશરને કારણે હવામાન વિભાગ દ્વારા આગામી તા.16 જૂલાઈ સુધી દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે ત્યારે સોમવારે રાત્રે આઠ વાગ્યા સુધીમાં વડોદરામાં 4 મીમી વરસાદ નોંધાયો હતો જ્યારે બીજી તરફ ઉપરવાસમાં ભારે વરસાદને કારણે વડોદરા શહેરના જીવાદોરી સમાન આજવા સરોવરમાં નવા પાણીની આવક થતાં જળસપાટીમાં વધારો થયો છે.રાત્રે આઠ વાગ્યા સુધીમાં આજવા સરોવરની જળસપાટી 211.33 ફૂટ નોંધાઈ હતી જેને લઈને પાલિકા તંત્ર એલર્ટ બન્યું છે બીજી તરફ શહેરમાં હળવો વરસાદ વરસ્યો હતો સાથે જ વડોદરા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પણ વરસાદ વરસી રહ્યો છે.

### શહેરના જળાશયોની જળસપાટી રાત્રે 8 વાગ્યા સુધીમાં

| | | |
|---|---|---|
| આજવા ડેમ | 211.33 | ફૂટ |
| પ્રતાપપુરા ડેમ | 222.30 | ફૂટ |
| અકોટા બ્રિજ | 11.03 | ફૂટ |
| બહુચરાજી બ્રિજ | 0.83 | ફૂટ |
| કાલાઘોડા | 8.43 | ફૂટ |
| મંગલ પાંડે બ્રિજ | 9.17 | ફૂટ |
| મુજમહુડા બ્રિજ | 9.07 | ફૂટ |
| સમા -હરણી બ્રિજ | 9.55 | ફૂટ |
| વડસર બ્રિજ | 7.07 | ફૂટ |

## ચા બનાવતી વખતે ગેસ લીકેજથી ભડકો થતા દાઝી ગયેલા વૃદ્ધનું મોત

બાપોદ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો

(પ્રતિનિધિ) વડોદરા તા.14
વડોદરા શહેરના વૈકુંઠ ચાર રસ્તા પાસે આવેલી સુંદરમ આઈકોનમાં રહેતા 59 વર્ષીય મિતુલભાઈ શાહ પોતાના ઘરે ગેસની સગડી ઉપર ચા બનાવવા જતા મકાનમાં ગેસ લીકેજ હોવાના કારણે લાઈટર સળગાવતા અચાનક ભડકો થયો હતો. જેના કારણે તેઓ શરીરે ગંભીર રીતે દાઝી જતા પ્રથમ ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી તેઓને વધુ સારવાર માટે અન્ય એક મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં તેઓનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. બનાવને પગલે બાપોદ પોલીસે તેમના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નવીન ડોર ટુ ડોર કચરા કલેક્શન ગાડીઓ હોવા છતાં ઉપયોગમાં નથી

# વડોદરાના પૂર્વ વિસ્તારમાં કચરા કલેક્શન ગાડીઓ ધૂળખાતા નાગરિકો રોષે ભરાયા

**કોન્ટ્રાક્ટરોની** ઘોર બેદરકારી સામે નાગરિકોની કડક પગલાંની માંગ



### કાગળ પરની યોજના જમીન પર ઉતરી નથી

"પાલિકા દ્વારા નવી વ્યવસ્થા અમલમાં મુકાઈ છે, પણ તેનો યોગ્ય અમલ થાય તો જ વડોદરા સ્વચ્છતા સર્વેક્ષણમાં અગ્રિમતા મેળવી શકે. હાલ કાગળ પરની યોજના જમીન પર ઉતરી નથી, જેના કારણે નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે."

(પ્રતિનિધી) વડોદરા તા.14
વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં ડોર ટુ ડોર કચરા કલેક્શનને લઈને નાગરિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં નવીન કચરા ઉઠાવવાની ગાડીઓ હોવા છતાં, તે વાહનો હાલ ઉપયોગમાં લેવામાં આવતાં નથી અને ઘણા સ્થળે ધૂળ ખાઈ રહેલા જોવા મળે છે. પરિણામે, સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોમાં કચરો સમયસર ઉઠાવવામાં આવતો નથી, જેના કારણે સ્થાનિક નાગરિકોને ગંદકી અને આરોગ્યની ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન માટે નવી વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી છે, જેમાં ગાડીઓની સંખ્યા વધારવામાં આવી છે અને દરેક વાહનમાં અલગ-અલગ પ્રકારના કચરાને અલગ રાખવાની વ્યવસ્થા છે. ખાસ કરીને જ્યાં મોટી ગાડીઓ જઈ શકતી નથી, ત્યાં નાના ઈ-વાહનો મોકલવાની યોજના છે. દરેક વાહનમાં જીપીએસ સિસ્ટમ લગાડવામાં આવશે અને સમયસર કચરો ન ઉઠાવાય તો પેનલ્ટી વસુલવાની પણ જોગવાઈ છે. છતાં, વાસ્તવિક અમલમાં અનેક ખામીઓ જોવા મળી રહી છે. નવા વાહનોના ઉપયોગમાં વિલંબ, કોન્ટ્રાક્ટરોની બેદરકારી અને પાલિકા તંત્રની અળસુ કામગીરીને કારણે કચરા કલેક્શન વ્યવસ્થામાં ગડબડીઓ સર્જાઈ છે. કેટલાક કોન્ટ્રાક્ટરો દ્વારા કામગીરી યોગ્ય રીતે ન કરવામાં આવતા નાગરિકોમાં રોષ ફેલાયો છે અને તેઓએ તાત્કાલિક પગલાંની માંગ સાથે કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની પણ માંગ ઉઠાવી છે. હાલમાં ચોમાસાની ઋતુ શરૂ થઈ ગઈ છે અને શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવા અને ગંદકીના ઢગલા જોવા મળે છે. જો આવી પરિસ્થિતિ યથાવત્ રહેશે તો કોલેરા, મેલેરિયા, ડેંગ્યુ જેવી બીમારીઓ ફેલાવાની ગંભીર શક્યતા છે.

## ભાયલીમાં મોગલી સહિત ચાર જુગારીયા રંગે હાથ ઝડપાયા

(પ્રતિનિધી) વડોદરા, તા.14
તાલુકા પોલીસને બાતમી મળી હતી કે ભાયલી ગામમાં આવેલા સરદારનગરમા ખુલ્લેઆમ જુગાર ધમધમે છે. પોલીસે ભર બપોરે છાપો મારી ચાર જુગારીયાઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતા. દાવ ઉપર મૂકેલા 4450 રૂપિયા અને અંગઝડતી દરમ્યાન 6970 સહિત 11,420 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો તમામ ની અટકાયત કરીને પૂછતાછ કરતા (૧) યોગેશ ઉર્ફે મોગલી રસિક નાયકા (રહેઃ સરદારનગર, ભાયલી) (૨) મોહમ્મદ સુફિયાન હનીફ મલેક (રહેઃ સરદારનગર,ભાયલી) (૩) રફીક અબુબક્તર મન્સુરી (રહેઃ ભાયલી) (૪) અર્જુન નરખાજી વણઝારા (રહેઃ સરદારનગર, ભાયલી) નામ જણાવ્યા હતા. તમામ જુગારીયાઓ વિરુદ્ધ પોલીસે ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પિડીતાને લગ્નની લાલચે અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યાની ફરિયાદ

# પોક્સોના ગુનામાં સંડોવાયેલા આરોપી વિલ્સન સોલંકીના જામીન મંજૂર

**કોર્ટે** આરોપીને રૂ.25,000ના વ્યક્તિગત બોન્ડ અને તેટલી જ રકમના સ્થાનિક જામીનગીરી રજૂ કરવા સાથે શરતોને આધીન જામીન મંજૂર કર્યા

(પ્રતિનિધી) વડોદરા તા. 14
દશરથ ગામે રહેતા અને રાજકીય પક્ષો સાથે જોડાયેલા વિલ્સન સોલંકી દ્વારા પોતે 15 વર્ષની હતી ત્યારથી લગ્નની લાલચે અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હોવાની ફરિયાદ પુખ્ત વયની પિડિતા દ્વારા ગત તા.23-06-2025 ના રોજ છાણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં તા.24-06-2025 થી આરોપી જ્યૂડિશિયલ કસ્ટડીમાં હતો. આરોપી અરજદાર તરફે એડવોકેટ ભૌમિક એચ.શાહે નિયમિત જામીન અરજી રજૂ કરતાં સેશન્સ કોર્ટે અરજદારના રૂ.25,000ના વ્યક્તિગત બોન્ડ અને તેટલી જ રકમના સ્થાનિક જામીનગીરી રજૂ કરવા સાથે કોર્ટની શરતોને આધીન જામીન મંજૂર કર્યા છે. આરોપી અરજદાર તરફે એડવોકેટ ભૌમિક એચ.શાહ દ્વારા પાંચમા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ ની કોર્ટમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023 ની કલમ 483 હેઠળ નિયમિત જામીન અરજી રજૂ કરવામાં આવી હતી જેની સામે સરકાર તરફે એડવોકેટ આર.એસ.ચૌહાણે જામીન રદ્દ કરવાની રજૂઆત કરવામાં આવી હતી. એડવોકેટ બી.એચ.શાહે જરૂરી પૂરાવાઓ અને રજૂઆત કરી હતી જેમાં તેમણે ઘટના વર્ષ -2016 માં બની જો કે તેની ફરિયાદ તા.23-06-2025 ના રોજ એટલે કે 10 વર્ષના વિલંબ પછી કેમ કરાઈ તેનું સ્પષ્ટ કારણ પિડીતા તરફથી જણાવાયું નથી, આરોપી અરજદાર અને પિડીતા મિત્રો હતા અને ફોન પર એકબીજાના સંપર્કમાં હતા,અરજદારે શારીરિક સંબંધો બાંધ્યા જ ન હતા. પિડિતાના પિતાએ લોનના હપ્તા ચૂકવવા અરજદાર આરોપી પાસેથી બે થી ત્રણ લાખ રૂપિયા ની માંગણી કરતાં આરોપી અરજદારે ના પાડી હતી જેની અદાવત રાખીને પિડિતાએ ખોટી ફરિયાદ કરાઈ હતી.

## સયાજીપુરામાં વીજ કરંટ લાગતા યુવકનું મોત નિપજ્યું

(પ્રતિનિધી) વડોદરા, તા.14
શહેર નજીક આવેલા સયાજીપુરા ખાતે પટેલ ફળિયામાં મકાનમાં કામ કરતા સમયે યુવકને વીજ કરંટ લાગતા ત્વરિત સારવાર અર્થે એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા.હનુમાનપુરા ખાતે આવેલી અલ્ટ્રામ મિક્સ કંપનીમાં ફરજ બજાવતા 24 વર્ષીય રાજેન્દ્રભાઈ નામના યુવકને સયાજીપુરા પટેલ ફળિયામાં મકાનમાં કામ કરતી વખતે અચાનક વીજ કરંટનો જોરદાર ઝાટકો લાગ્યો હતો જેથી તેઓ સ્થળ પર ઢળી પડ્યા હતા. બનાવને પગલે સ્થાનિકો દ્વારા તાત્કાલિક 108 મારફતે સારવાર માટે એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેઓને મરણ જાહેર કર્યા હતા. કપુરાઈ પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમની કાર્યવાહી હાથ ધરી છે.

બે દિવસમાં ડેન્ગ્યુના પોઝિટિવ વધુ ત્રણ કેસ પોઝિટિવ નોંધાયા

# SSG હોસ્પિટલમાં અત્યાર સુધીમાં 48 જેટલા ડેન્ગ્યુ પોઝિટિવ કેસો નોંધાયા

**હોસ્પિટલની** ઓપીડીમા અઢાળસો થી બે હજાર કેસો જોવા મળ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.14
શહેરના એસ.એસ.જી.હોસ્પિટલમા ચોમાસાની ઋતુમાં સોમવારે સાંજ સુધીમાં કુલ 48 ડેન્ગ્યુના કેસો પોઝિટિવ આવ્યા હતા. છેલ્લા બે દિવસમાં જ ત્રણ નવા કેસો નોધાયા. હાલમાં ચોમાસાની ઋતુ ચાલી રહી છે ત્યારે વડોદરા શહેરમાં ઠેરઠેર વરસાદી પાણી ભરાઈ રહેતા તેમજ સ્વચ્છતાના અભાવે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળામાં વધારો જોવા મળી રહ્યો છે. એસ.એસ.જી. હોસ્પિટલમાં દરરોજના અઢાળસો થી બે હજાર ઓ.પી.ડી. માં વિવિધ પ્રકારની બિમારીઓના કેસો જોવા મળી રહ્યાં છે જેમાં મેલેરિયા અને ડેન્ગ્યુના પોઝિટિવ કેસો નોંધાયા છે. સોમવારે સાંજ સુધીમાં કુલ 48 જેટલા ડેન્ગ્યુ પોઝિટિવ કેસો નોંધાયા છે. ગત શનિવારે અને રવિવારે ત્રણ નવા કેસો ડેન્ગ્યુ પોઝિટિવના નોંધાયા છે જેમાં 6 જેટલા દર્દીઓ સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચોમાસાની ઋતુમાં જ મધ્ય ગુજરાતની સૌથી મોટી વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાંથી જ દસ જેટલા રેસિડેન્ટ તબીબોને ડેન્ગ્યુ પોઝિટિવ આવ્યા હતા ત્યારબાદ શહેરના વિવિધ વિસ્તારોમાંથી ડેન્ગ્યુ પોઝિટિવ કેસો નોંધાયા છે જેમાં શનિવારે બપોર સુધીમાં 45 જેટલાં ડેન્ગ્યુના કેસો નોંધાયા હતા ત્યારબાદ શનિવારે સાંજ થી રવિવાર સુધીમાં નવા ત્રણ જેટલા ડેન્ગ્યુના પોઝિટિવ કેસો નોંધાયા છે જેથી રવિવારે કુલ 48 કેસો ડેન્ગ્યુ પોઝિટિવ નોંધાતા વડોદરા પાલિકાનું આરોગ્ય વિભાગ તથા અન્ય તંત્ર હરકતમાં આવ્યું છે તથા શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ પર પડેલા ખાડા પૂરાણ સાથે સ્વચ્છતા, દવા છંટકાવ અને ઘરે ઘરે જઈ સર્વે કરવા સાથે પાણીમાં દવાની ગોળીઓ, ફોગિંગની કાર્યવાહી હાથ ધરી છે.